# વાંટડા ટોલપ્લાઝા નજીક લકઝરી બસમાં લૂંટ સાથે મારપીટ





## ૮ યાત્રીઓ સાથે મારપીટ, ૩ ગંભીર

મોડાસા, તા.૧૧

અરવલ્લી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાણે કથળી હોય તેવી ઘટનાઓ છાશવારે બની રહી છે. અમદાવાદ-ઉદેપુર ને.હા.નં -૮ પર આવેલા વાંટડા ટોલપ્લાઝા નજીક રાજસ્થાન તરફથી આવી રહેલી લકઝરી બસના ચાલકે બાઈક ચાલકને સાઈડ આપવા જેવી સામાન્ય બાબતમાં અટકાવી લકઝરી બસમાં રહેલા યાત્રાળુઓ સાથે મારપીટ કરતા સ્થાનિક બાઈક ચાલકના ૧૫થી વધુ શખ્સોએ પહોંચી યાત્રાળુઓને ઢોર માર મારી લૂંટી લેતા ભારે હોહકાર મચ્યો હતો. લકઝરી બસમાં પ્રવાસ કરતા મુસાફરો ફફડી ઉઠ્યા હતા. ૩ મુસાફરોના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે ગાંધીનગર હોસ્પિટલ ખસેડાયા હતા. મોડાસા રૂરલ પોલીસને જાણ કરવા ૨ કલાકથી વધુનો સમય ઘટનાસ્થળે પહોંચતા થતા વાહનચાલકોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો હતો.

મોડાસા તાલુકાના વાંટડા ટોલ પ્લાઝા નજીક એક લકઝરીમાં લૂંટની ઘટનાથી ચકચાર મચી જવા પામી છે. બાઈક સવાર કેટલાક શખ્સો આવીને બસ રોકે છે અને યાત્રાળુઓ સાથે પોતાનો રોફ જમાવે છે, ત્યારબાદ આ શખ્સો ઉશ્કેરાતા તમામ લૂંટારૂઓ લકઝરીમાં ચઢી જઈને બસમાં સવાર આઠ જેટલા મુસાફરોને ઈજા પહોંચાડી લૂંટ ચલાવી હતી. ઈજાગ્રસ્ત લોકોને મોડાસા સાર્વજનિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે તેમાથી ત્રણની હાલત વધુ ગંભીર જણાવતા ગાંધીનગર વધુ સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

બનાવની વિગત મળતી માહિતી મુજબ મોડી રાત્રે લકઝરી બસ વાંટડા ટોલ પ્લાઝા નજીક પહોંચી ત્યારે બે બાઈક સવાર લૂંટારૂઓએ બસને આંતરી અને બિભત્સ ગાળો બોલવાનું શરૂ કર્યુ હતુ. એટલું જ નહીં બસના કાચ પર લાકડીઓ મારી હતી. ત્યારબાદ જ્યારે બસ ઉભી રાખી ત્યારે ફોન કરી બીજા ૧૫ માણસોને બોલવી લૂંટ ચલાવી હતી. મુસાફરોના જણાવાયા અનુસાર તેમની પાસેથી રોકડ અને દાગીના મળી અંદાજિત બે લાખ રૂપિયાની માલમત્તા છીનવી લીધી હતી. મુસાફરોના જણાવ્યા અનુસાર જ્યારે તમેના પર હુમલા થયો કે તરતજ તેમનામાંથી કેટલાકે પોલીસને ફોન કર્યો હતો પણ પોલિસ બે કલાક બાદ પહોંચી હતી જેના કારણે લૂંટારૂઓને મોકળુ મેદાન મળ્યું હતું.

## અંબાજીના ત્રિશુળીયા ઘાટ પર અકસ્માતો નિવારવા ગાયત્રી પરિવાર દ્વારા યજ્ઞ યોજાયો



અંબાજી, તા. ૧૧

યાત્રાધામ અંબાજીને જોડતા માર્ગ પર આવેલા ત્રિશુળીયા ઘાટ પર અવારનવાર ગમખ્વાર અકસ્માતો સર્જાય છે. જેમા અનેક નિર્દોષ જિંદગીઓ મોતના મુખમાં ધકેલાઈ છે. ત્યારે ગુજરાત સરકાર દ્વારા ત્રિશુળીયા ઘાટ પર પણ સુરક્ષિત દિવાલ ઉભી કરવામાં આવી છે. બનાસકાંઠા જિલ્લાના ત્રિશુળીયા ઘાટ પાસે અણધાર્યા અકસ્માતો ન થાય અને મોટી જાનહાનિ તળે તેવા ઉમદા આશયથી ગાયત્રી પરિવાર દ્વારા ત્રિશુળીયા ઘાટ પર અકસ્માતના બનાવો અટકે તે માટે યજ્ઞ યોજવામાં આવ્યો હતો. જેમાં ૧૦૦થી વધુ લોકો હવનમાં આહુતિ આપી અકસ્માતના મૃતકોની આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી.

# ડીસામાં ડસ્ટબીન જ ગંદકીમાં ગરકાવ

### શહેરમાં લગાવેલ મોટાભાગના ડસ્ટબીન હલકી કક્ષાના હોઈ જર્જરિત બન્યા હોવાની ચર્ચા




ડીસા, તા. ૯

રાજ્ય સરકાર દ્વારા સ્વચ્છતા અભિયાન સંદર્ભે વિવિધ નગર પાલિકાઓમાં અનેક યોજનાઓ અમલી બનાવી છે. જો કે સ્વચ્છતા અભિયાન માટે વર્ષ ૨૦૧૭/૧૮મા એવોર્ડ મેળવનાર ડીસા આજે ગંદકીથી ખદબદી ઉઠ્યું. નગરને સ્વચ્છ રાખવાના હેતુસર પાલિકાતંત્ર દ્વારા શહેરમાં કચરો કલેક્શન કરવા માટે ડોર ટુ ડોર વાહનો લગાવવામાં આવ્યા છે તેમજ સમગ્ર શહેરી વિસ્તારને શુદ્ધ રાખવા માટે વિવિધ સ્થળે કચરો એકઠો થાય અને તેનું કલેક્શન કરવા માટે લાખોના ખર્ચે ડસ્ટબીન લગાવવામાં આવ્યા છે પરંતુ કચરો એકઠો કરવા મુકેલ ડસ્ટબીનમાના મોટા ભાગના ડસ્ટબીન વિવિધ સોસાયટીઓ નજીક હાઈવેના વિવિધ સરકલો ઉપર અને મુખ્ય બજારના શોપિંગ સેન્ટરો જેવી જગ્યાએ મુકવામાં આવ્યા છે તેમજ સૂકા અને ભીના કચરા માટેની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. જો કે પાલિકા દ્વારા લગાવેલ મોટા ભાગના ડસ્ટબીન હલકી ગુણવત્તાના હોઈ તૂટેલી અને જર્જરિત હાલતમાં જોવા મળ્યા હતા અને તેમાં રાખેલ કચરો પણ બહાર નીચે વેરવિખેર હાલતમાં પડેલો જોવા મળ્યો હતો. જેને લઈને સ્વચ્છતાની જગ્યાએ ઉલટાનું ગંદકીનું પ્રમાણ વધ્યું છે. આવા દ્રશ્યો તો સમગ્ર શહેરમાં ઠેર ઠેર જોવા મળે છે જેને લઈને સ્વચ્છ ડીસા આજે ગંદકી ગ્રસ્ત જોવા મળ્યું હતું. તાજેતરમાં ડીસામાં ફેલાયેલ ગંદકીને લઈ હેલ્થ વિભાગ દ્વારા નોટીસ પણ આપવામાં આવી હતી અને ગંદકીને લઈ સમગ્ર શહેરમાં ડેન્ગ્યુ સહિત વાઈરલ બીમારીએ ભરડો લીધો છે અને ઘેર ઘેર બીમારીના ખાટલા જોવા મળી રહ્યા છે પરંતુ આ મામલે પાલિકા દ્વારા કોઈ જ પગલાં ન ભરવામાં આવતા તાલુકા હેલ્થ વિભાગ દ્વારા સમગ્ર શહેરમાં દવાના છંટકાવની સાથે પોરોનું ચેકીંગ પણ હાથ ધરવામાં આવ્યું હતું.

આ મામલે પાલિકાના ચીફ ઓફિસરનો ટેલિફોનિક સમ્પર્ક કરતા તેમણે કોઈ પ્રતિક્રિયા આપી ન હતી.

## અરવલ્લી જિલ્લામાં સખી વન સ્ટોપ સેન્ટરનું ઉદ્ઘાટન




મોડાસા, તા. ૧૧

ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા હિંસાથી પીડિત મહિલાઓને તમામ પ્રકારની સુવિધા એકજ સ્થળે મળી રહે તે માટે ''સખી'' વન સ્ટોપ સેન્ટર અરવલ્લીનું ઉદ્ઘાટન જિલ્લા કલેકટર અમૃતેશ ઔરંગાબાદકરના હસ્તે અને જિલ્લા વિકાસ અધિકારી અનીલ ધામલીયાની ઉપસ્થિતમાં કરવામાં આવ્યું. પ્રાસંગિક ઉદ્ઘાટનમાં કલેકટરે જણાવ્યું હતું કે હિંસાથી પ્રભાવિત માહીલાઓને ખાનગી અને જાહેર સ્થળોએ કુટુંબમાં, સમુદાયમાં અને કાર્યસ્થળ પર તેનો નિકાલ આવે છે. આ સંસ્થાથી મહિલાઓની શારીરિક, જાતીય, ભાવાત્મક, માનસિક અને આર્થિક દૂરપયોગનો સામનો કરતી મહિલાઓને ન્યાય મળશે. તથા આ સંસ્થા ઉતરોતર પ્રગતિ કરે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી અનીલ ધામણીયાએ સંસ્થાને શુભેચ્છા પાઠવતા સંસ્થા દ્વારા ચાલતી વિવિધ યોજના તથા સુવિધાઓને મહિલા લાભ લઈ અને અન્ય મહિલાઓને મદદરૂપ થવા જણાવવું છે.

આ પ્રસંગે પરખ સંસ્થાના મંત્રી કૌશલ્યા કુવરબાએ પરખ સંસ્થા દ્વારા ચાલતી પીડિત મહિલાઓ માટે યોજના તથા તથા સંસ્થાની વિવિધ પ્રવૃતિઓ વિષે જણાવ્યું હતું. જિલ્લા મહિલા અને બાળ વિકાસ અધિકારી દિપેશ પંડ્યાએ આવનાર દિવસો અરવલ્લી જિલ્લામાં સંસ્થાનું એક નવીન મકાન પણ બનાવવામાં આવશે એમ પણ જણાવ્યું હતું.

આ પ્રસંગે અરવલ્લી જિલ્લા આરોગ્ય અધિકારી કૌશલભાઈ પટેલ, અરવલ્લી જિલ્લા દહેજ પ્રતિબંધક અધિકારી મેઘાબેન ગોસ્વામી, વિવિધલક્ષી મહિલા કેન્દ્રના સંચાલકો પરખ સંસ્થાના પ્રમુખ સુરેશભાઈ પટેલ, ચેતનાબેન, અશ્વિનભાઈ પટેલ, તથા વિવિધ સંસ્થાની મહિલાઓ ઉપસ્થિત રહી હતી.

## રમતના રંગ

● અનુસંધાન પહેલાનું ચાલુ

અલગ થઈ ગઈ છે. આવી સ્થિતિમાં હવે જટિલ સ્થિતિ સર્જાઈ ગઈ છે. વિધાનસભા ચૂંટણીના ૧૮ દિવસ થયા હોવા છતાં હજુ મડાગાંઠ અકબંધ રહી છે. આજે દિવસ દરમિયાન બેઠકોનો દોર ચાલ્યો હતો. આદિત્ય ઠાકરેએ રાજ્યપાલને મળ્યા બાદ કહ્યું હતું કે, સરકાર બનાવવાની ઈચ્છા અમે વ્યક્ત કરી છે. કોંગ્રેસ અને એનસીપી સાથે વાતચીત ચાલી રહી છે. રાજ્યપાલે અમને સમય આપવાનો ઈન્કાર કરી દીધો છે. ઠાકરેએ કહ્યું છે કે, બંને પાર્ટીઓ સાથે વાતચીત ચાલી રહી છે. શિવસેના નેતા અને રાજ્યપાલ વચ્ચે ૪૦ મિનિટ સુધી વાતચીત થઈ હતી. રાજ્યપાલને મળ્યા બાદ આદિત્યએ કહ્યું હતું કે, ભાજપ દ્વારા સરકાર બનાવવાનો ઈન્કાર કર્યા બાદ રાજ્યપાલ તરફથી અમારી પાસે પત્ર આવ્યો હતો. આ લેટરમાં ૨૪ કલાકની અંદર સરકાર બનાવવાની ઈચ્છા અંગે વાત કરવામાં આવી હતી. આજે અમારી ઈચ્છા અંગે વાત કરવામાં આવી હતી. ઠાકરેએ કહ્યું હતું કે, એનસીપી અને કોંગ્રેસ સાથે વાતચીત ચાલી રહી છે. બીજી બાજુ કોંગ્રેસે કહ્યું છે કે, હજુ સુધી કોઈ નિર્ણય કરવામાં આવ્યો નથી. વાતચીતનો દોર જારી છે. શિવસેનાને સમર્થનને લઈને કોંગ્રેસ પાર્ટીમાં પણ ભારે અસમંજસની સ્થિતિ રહેલી છે. કોંગ્રેસ કારોબારીની આજે બેઠક થઈ હતી જેમાં મહારાષ્ટ્રની સ્થિતિ પર ચર્ચા થઈ હતી. એનસીપી સાથે વાતચીત કર્યા બાદ જ કોંગ્રેસ કોઈ નિર્ણય લેશે. કોંગ્રેસી નેતાઓનું કહેવું છે કે, મંગળવારના દિવસે પાર્ટીના નેતા એનસીપીના નેતા એનસીપી સાથે બેઠક કરશે જેમાં કોઈ નિર્ણય લેવામાં આવી શકે છે. બીજી બાજુ સોનિયા ગાંધીએ મહારાષ્ટ્રના ધારાસભ્યની ઈચ્છા જાણવાના પ્રયાસ કર્યા છે. કોંગ્રેસે જયપુરના રિસોર્ટમાં રોકાયેલા ૪૪ ધારાસભ્યો સાથે પણ વાતચીત કરી છે.

## ઈ-ઈનવોઈસ

● અનુસંધાન પહેલાનું ચાલુ

જો આવું નહીં કરવામાં આવે તો કંપનીઓ એક બિલને નાના-નાના બિલમાં વિભાજિત કરી દેશે અને ટેક્સમાં ચોરી કરશે. ઈલેક્ટ્રોનિક ઈનવોઈસની વ્યવસ્થા લાગૂ થઈ ગયા બાદ વેપારીઓને ટેક્સ રિટર્ન દાખલ કરવાની પણ કોઈ તકલીફ પડશે નહીં. વેબસાઈટ પર જઈને રિટર્ન ફાઈલ કરી શકશે તે ગાળા દરમિયાન સંબંધિત ઈનપુટ ડેટા તેમની પાસે રહેશે. આનાથી ટેક્સ અધિકારીઓ અને કર્મચારીઓની કામગીરી વધારે સરળ બની જશે. ઈનવોઈસથી નાના કારોબારીઓને ખુબ ફાયદા થનાર છે. જાન્યુઆરી ૨૦૨૦થી ઈલેક્ટ્રોનિક ઈનવોઈસને લાગૂ કરી દેવામાં આવશે. આને લઈને જુદા જુદા સોફ્ટવેર પર કામ ચાલી રહ્યું છે.

## વિચારયાત્રા

● ચોથા પાનાનું ચાલુ

જહાજોનેચુમ્બકીય દિશા નિરુપણ યંત્ર સાચી દિશા બતાવતા નહોતા. આ કારણે પોતાના જહાજોને બચાવવા હેતુ, પોર્ટુગીઝ નાવિકો આ ચુંબકને કાઢી ગયાં. આ ચુંબક એક કેન્દ્રીય શિલા નું કાર્ય કરી રહ્યો હતો, જેથી મંદિરની દીવાલો ના બધાં પત્થર સંતુલનમાં હતાં. આના હટવાથી, મંદિરની દીવાલોનું સંતુલન ખોરવાઈ ગયું, અને પરિણામતઃ તે પડી ગઈ. પરન્તુ આ ઘટનાનું કોઈ ઐતિહાસિક વિવરણ નથી મળતું, ન તો આવા કોઈ ચુમ્બકીય કેન્દ્રીય પત્થરનું અસ્તિત્વનું કોઈ વિવરણ ઉપલબ્ધ છે.

એક કથા અનુસાર, ગંગ વંશ ના રાજા નૃસિંહ દેવ પ્રથમે પોતાના વંશનું વર્ચસ્વ સિદ્ધ કરવા હેતુ, રાજસી ઘોષણાથી મંદિર નિર્માણનો આદેશ આપ્યો. બારસો વાસ્તુકારો અને કારીગરોની સેના એ પોતાની સર્જનાત્મક પ્રતિભા અને ઊર્જાથી પરિપૂર્ણ કળા દ્વારા બાર વર્ષોની અથાગ મેહનતથી મંદિરનું નિર્માણ કર્યું. રાજાએ પહેલાં જ પોતાના રાજ્યના બાર વર્ષોની કર-પ્રાપ્તિ જેટલું ધન વ્યય કરી દીધું હતું. પણ નિર્માણની પૂર્ણતા ક્યાંય દેખાતી ન હતી. ત્યારે રાજાએ એક નિશ્ચિત તિથિ સુધી કાર્ય પૂર્ણ કરવાનો કડક આદેશ દીધો. બિસુ મહારાણાના પર્યવેક્ષણમાં, આ વાસ્તુકારોની ટીમ એ પહેલાં જ પોતાનું પૂરું કૌશલ લગાવી દિધુ હતું. પરંતુ મંદિરનાં મુખ્ય ઘુમ્મટ પર સોનાનો કળશ કોઈ કારણોસર કોઈથી પણ સ્થાપિત થતો ન હતો,ત્યારે બિસુ મહારાણાનો બાર વર્ષીય પુત્ર, ધર્મપાદ આગળ આવ્યો. તેણે ત્યાં સુધી નિર્માણનું ગહન નિરીક્ષણ કર્યું, અને કળશ સ્થાપિત કરી દિધો, પરન્તુ તેણે કારિગરોનાં મુખે સાંભળ્યું કે ૧૨૦૦-૧૨૦૦ કારીગર હોવા છતાં તેમનાંથી કાર્ય સંપન્ન ન થઈ શક્યુ આ હકીકત જો રાજા જાણશે તો અવશ્ય બધાનો વધ કરી નાખશે, આથી તે નિર્દોષ બાળકે સહુની પ્રાણરક્ષા કાજ પોતાના પ્રાણ આપી દીધા,અને મંદિરની ટોચ પરથી કૂદીને પોતાના પ્રાણ આપી દીધા.

આવી અકલ્પનીય ઐતિહાસિક વિરાસત ધરાવતો આપણો ગૌરવવંતા અભિમાનને અનુભવવુ હોય તો કોણાર્ક જવુ જ રહ્યુ.

સંદર્ભઃ

૧. http://whc.unesco.rog/en/list/246.

૨. મનીષ કુમાર. 'કોણાર્ક કા સૂર્ય મંદિર : જિસકા ગુમ્બદ કભી સમુદ્રી પોતોં કા 'કાળ' હોતા થા' (હિન્દી માં). મુસાફિર હૂં યારો. Retrieved ૨ નવેમ્બર ૨૦૦૮.

૩. 'સૂર્ય મંદિર કોણાર્ક' (હિન્દી માં). ભારતીય રાષ્ટ્રીય પોર્ટલ.

૪. પં.દયાનંદ શાસ્ત્રી. 'વાસ્તુની નજર માં-કોણાર્ક સૂર્ય મંદિર' (હિન્દી માં). ફ્યૂચર સમાચાર.

૫. ફુરસતિયા. 'કોણાર્ક- જ્યાં પત્થરોની ભાષા મનુષ્યની ભાષાથી શ્રેષ્ઠતર છે' (હિન્દી માં).

૬. 'ફૉલ ઑફ કોણાર્ક' (અંગ્રેજી માં). રાષ્ટ્રીય સૂચના કેન્દ્ર.

૭. ગ્લૂમ એણ્ડ બ્લૂમ- દ કેસ ઑફ જગન્નાથ ટેમ્પલ

- jayuoza@gmail.com • Mo.9898046488

## આત્મનાદ

● ચોથા પાનાનું ચાલુ

વસતીની દ્રષ્ટિએ ભારતમાં ૨.૮ ટકા હિસ્સો ધરાવતું કેરળ ભારતના અર્થતંત્રમાં લગભગ ચાર ટકા જેટલો હિસ્સો ધરાવે છે. કેરળની વસતી ગુજરાત કરતાં લગભગ અડધી ૩.૪ કરોડની છે. કેરળને પરશુરામની ભૂમિ પણ કહે છે. પરશુરામજી વિષ્ણુ ભગવાનના છઠ્ઠા અવતારી પુરુષ છે. મલયાલમ સાહિત્ય કેરાલોલપની કથા અનુસાર ચેરાના રાજાએ કન્યાકુમારીથી હિમાલયની ભૂમિ જીતી લઈને કોઈ સમર્થ દુશ્મન ન હોવાથી ભાલા ફેંકી સમુદ્રને ઘેરી લીધો હતો. દંતકથા મુજબ પરશુરામજીએ તેમની કુહાડી દરિયા પાસે ફેંકીને સમુદ્ર હટાવી ધરતી બનાવી. પરંતુ સમુદ્રવાળી જમીન ખારી હોઈ વસવાટ યોગ્ય ન હતી. ખારાશવાળી જમીન વસવાટ યોગ્ય બનાવવા પરશુરામે સર્પરાજા વાસુકીને બોલાવી તેના પવિત્ર ઝેર દ્વારા આ ખારી જમીનને ફળદ્રુપ લીલીછમ ધરા બનાવી દીધી.

દ્રવિડ કુળના મલયાલી લોકોની નૃત્ય કલા દેશ વિદેશમાં લોકપ્રિય છે. અહીંના કથ્થકલી, થેય્યામ, કલરીપયટ્ટુ, મોહિનીયત્તમ, થિરવથીરકલી, કુડિયાત્તમ, પુલીકલ્લી જેવા સાત પારંપારિક કલા અને નૃત્ય વિશ્વપ્રસિદ્ધ છે. થિરુવનંતપુરમમાં દરરોજ ચાલતા કથ્થકલી અને કલરીયપટ્ટુ નૃત્યકલાના દરેક શૉ ટુરિસ્ટથી જામપેક હોય છે. કેરળના ઈડુક્કી જીલ્લાના થેકડ્ડીના વનવિસ્તારોને કુદરતે લખલુટ સૌંદર્ય બક્ષ્યું છે. પેરિયાર રાષ્ટ્રીય ઉદ્યાનમાં પાણી, પહાડ, પશુ, પ્રાણી અને હરિયાળી વનરાજીનો અલભ્ય નઝારાનો અદભુત સમન્વય છે. આ જીલ્લામાં પેરિયાર નદી પર મુલતાપેરિયાર ડેમના કારણે ભવ્ય કૃત્રિમ જળાશય બન્યું છે. આ જળાશય મનલુભાવન છે. ઈડુક્કી જિલ્લાનું બીજું એક દર્શનીય સ્થળ મુન્નાર છે. સમુદ્રની સપાટીથી ૫૨૦૦ ફૂટની ઉંચાઈએ આવેલું ચાના બગીચા, રોઝ ગાર્ડન, પૌરાણિક ચર્ચ, ડેમ સાઈટ વગેરે નયનરમ્ય સ્થળોથી શોભતો લશગ્રીન મુન્નાર પ્રદેશ મનભરીને આનંદ આપે છે.

કન્યાકુમારી આમ તો તામિલનાડુ રાજ્યમાં આવે પરંતુ મારા કેરળના પ્રવાસમાં એક દિવસ કન્યાકુમારી ગાળવાનો અવસર મળ્યો. બંગાળનો ઉપસાગર, હિંદ મહાસાગર અને અરબી સમુદ્ર મા ભારતીના જ્યાં પગ પખાળે છે એ પવિત્ર ભૂમિ ઉપર જઈએ ત્યારે મા ભારતીના ચરણમાં બેઠા હોવાનું ફીલ થાય. સ્વામી વિવેકાનંદે શિકાગોની ધર્મ પરિષદમાં ઐતિહાસિક પ્રવચન આપ્યું એ પહેલાં વર્ષ ૧૮૯૨ના ડિસેમ્બર મહિનાની ૨૫-૨૬ અને ૨૭ તારીખે કન્યાકુમારી પાસેના દરિયામાં જે પથ્થર ઉપર બેસી ધ્યાન કર્યુ હતું એ પથ્થર ઉપર રોજ હજારો પ્રવાસીઓ જઈને મનની શાંતિ મેળવે છે. દેવોની પોતાની ભૂમિ તરીકે ઓળખાતા કેરળ રાજ્યમાં ઈશ્વરે છૂટા હાથે રમણીયતા વેરી છે. કેરળ એવો પ્રદેશ છે કે જ્યાં પણ નજર પડે એ દ્રષ્ય કોટે બાંધી ભેગુ લઈ જવાનું મન થાય. કેમેરા ઉપરથી આંગળી ખસવાનુ નામ ન લે એવો સૌદર્ય નિતરતો આ પ્રદેશ છે. લટકામાં અહીંના લોકોની સરળતા, પ્રેમાળ અને લાગણીશીલતા ભિંજવી દે એ નફામાં. અહીંના લોકો ખુદ્દાર અને મહેનતકશ પણ ખરાં. રસ્તામાં, બજારમાં, શેરીમાં ભાગ્યે જ કોઈ ભિખારી ભીખ માંગતો જોવા મળે. વનલાઈનરમાં કેરળ રાજ્યના દર્શનીય સ્થળોની રમણિયતા કંઈક આમ પ્રસ્તુત કરી શકાય. એલપ્પી એટલે ભારતની તરતી નગરી વેનીસ, મુન્નાર એટલે દક્ષિણ ભારતનું કાશ્મીર, કોવલમ એટલે બીચ હેવન ઓફ કેરળ, કોચીન એટલે ક્વીન ઓફ અરેબીયન સી, થેકડ્ડી એટલે અલૌકિક વન્યજીવનનો આહલાદ, ત્રીસુર એટલે કેરળની સાંસ્કૃતિક રાજધાની, થિરૂવનંથપુરમ એટલે દક્ષિણ ભારતનુ આઈટી હબ.

**ધબકાર :**

**જમીન તમારા પગને અડીને ખુશ થાય છે અને હવા તમારા લહેરાતા વાળ સાથે રમવા માંગે છે, સમય મળે ત્યારે નિકળી પડો ઘરની બહાર અને પ્રકૃતીના ખોળામાં જઇને બેસી જાવ.**

## ચિંતન કાર્યક્રમ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ સમારોહમાં કૃષિ, પશુપાલન, શિક્ષણ, સમાજકલ્યાણ, આરોગ્ય, બાંધકામ, મહિલા-બાળ વિકાસ વિભાગ સહિતની વિવિધ વિભાગોની યોજનાઓ અને તેના લાભો માટે તેમજ ૧૪મા નાણાંપંચ દ્વારા હાથ ધરાયેલ વિકાસકામો સહિતના મુદ્દાઓને લઈ ચર્ચાઓ થશે. ગાંધીનગર જિલ્લા પંચાયત દ્વારા સરપંચ અને તલાટીઓની સંયુક્ત બેઠક કમ સ્નેહમિલન સમારોહ પ્રથમવાર યોજાઈ રહ્યો હોવાથી તંત્રમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. જેમાં સરપંચો દ્વારા પણ કેટલીક મહત્વની રજુઆતો થશે જેમાં તંત્ર દ્વારા થતા વિલંબની વાત પણ હશે.

## મીટર પદ્ધતિથી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નવેમ્બરથી ફોર્મ વિતરણ કરાશે. ગુડાની સોસાયટીના જે સભ્યો મીટર પધ્ધતિથી પાણી મેળવવા ઈચ્છુક હોય તેમણે ફોર્મ તેમજ ફી ભરીને સુપ્રત કરવાની રહેશે. હાલ ગુડા વિસ્તારમાં બોરમાંથી પાણી સપ્લાય કરવામાં આવશે. કુડાસણમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવાની યોજનાનો પ્રાયોગિક અમલ કરાયો છે. ગુડા વિસ્તારમાં પાણી સપ્લાય કરવા માટે અગાઉ તબક્કાવાર પાણીની લાઈન સહીતની આનુસંગિક કામગીરી હાથ ધરવામાં આવી હતી. ગુડા વિસ્તારમાં માળખાગત સુવિધાના કામો સંદર્ભે તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જયારે આ અન્વયે હજુ રસ્તા તેમજ ગટર લાઈન ઉપરાંત સ્ટોર્મ વોટર લાઈનની કામગીરી સંદર્ભે પણ આયોજન કરવામાં આવી રહ્યુ છે. ગુડા વિસ્તારમાં વિકાસના અનેકવિધ આયામો વચ્ચે માળખાગત સુવિધાના કામોને પણ અગ્રતા આપવામાં આવી રહી છે. જયારે મીટર પધ્ધતિથી પાણી આપવાની યોજના અન્વયે નાગરિકોને રોજ ચાર કલાક ફોર્સથી પાણી મળી રહેશે તેમજ પાણીનો બગાડ પણ થતો અટકશે તેમ પણ મનાઈ રહ્યુ છે.